# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ
# રાંધેજા, ગાંધીનગર

## શતાબ્દી વર્ષ વાર્ષિક અહેવાલ

### શતાબ્દી વન

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિતે કેન્દ્ર ખાતે ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપના દિવસે એટલે કે ૧૮ ઓક્ટોબરના રોજ માનનીય કાર્યકારી કુલસચિવશ્રી ભરતભાઈ જોષી અને માનદ વિસ્તરણ નિયામકશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીની હાજરીમાં શતાબ્દી વન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં વિવિધ પ્રકારના ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ.









રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિવસની ઉજવણી

મહાત્મા ગાંધી દ્વારા ૧૮ ઓક્ટોબર ૧૯૨૦માં સ્થાપીત ગુજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ અને ૧૦૦માં વર્ષમાં પ્રવેશ એટલે કે શતાબ્દી વર્ષ ઉજવણી કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે 'શતાબ્દી વન' બનાવવામાં આવેલ જેમાં વિવિધ જાતોના ૧૦૦ ફળઝાડો નું વાવેતર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માનદ વિસ્તરણ નિયામક રાજેન્દ્રભાઈ ખીમાણી અને કુલસચિવ ભરતભાઈ જોશીના હસ્તે વૃક્ષ રોપણ કરવામાં આવેલ. કેન્દ્રના નિષ્ણાતો દ્વારા આદરજ અને જલુંદ ગામોમાં સમૂહ પ્રાર્થના અને ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીજી વિષય પર માહિતી આપવામાં આવેલ. આ કેન્દ્ર દ્વારા શતાબ્દી વર્ષ દરમિયાન જીલ્લાના પાંચ ગામોમાં ગાંધી વિચારો જેવા કે સ્વચ્છતા, વ્યસન મુક્તિ, પ્રાર્થના, આરોગ્ય તેમજ કૃષિ સંબંધિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

## સમૂહ પ્રાર્થના

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા શતાબ્દી વર્ષ અંતર્ગત કૂલ ૫ ગામો મોટી આદરજ, જલુંદ, ગોલથરા, મોતીપુરા અને અરજણજીના મુવાડા પસંદ કરવામાં આવેલ. આ ગામોમાં કેન્દ્રના સેવકો દ્વારા સમૂહ પ્રાર્થના, ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીજીના ગ્રામ્યજીવન અંગેના વિચારો તેમજ ગામમાં શતાબ્દી વર્ષ અંતર્ગત કરવાની થતી કામગીરીઓના આયોજન અંગે ચર્ચા કરવામાં આવેલ. આ કાર્યક્રમોમાં કૂલ ૧૪૧ જેટલા ગ્રામજનો ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમોમાં ઉપસ્થિત ગ્રામજનોને પ્રાર્થના પુસ્તિકાનું વિતરણ કરવામાં આવેલ.






## મહિલા ખેડૂત શિબીર

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા મોટી આદરજ ગામ ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિતે મહિલા ખેડૂત શિબીર યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે જીલ્લાના નાયબ જીલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ ઉપસ્થિત રહેલ તેમજ અતિથી વિશેષ તરીકે તલાટી મંત્રી પુષ્પાબેન ડામોર, રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભગીરથસિંહ સોલંકી તેમજ ગામના મહિલા સરપંચ ગૌરીબેન ઠાકોર ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં કૂલ ૧૦૩ મહિલાઓએ ભાગ લીધેલ.**






## પદ્ધતિ નિદર્શન

ખેડૂતો આધુનિક તકનીકોની કાર્ય પદ્ધતિ જીવંત નિહાળી શકે તે હેતુથી વેસ્ટ ડીકમ્પોઝર અને ઘાસચારા કાપવાના સાઈથ યંત્રના કૂલ ૩ પદ્ધતિ નિદર્શનો યોજવામાં આવેલ. આ કાર્યક્રમોમાં કૂલ ૮૫ જેટલા ખેડૂત ભાઈઓ, મહિલાઓ અને વિધાર્થીઓએ ભાગ લીધેલ અને તકનીકોના પદ્ધતિ નિદર્શનોને જીવંત નિહાળેલ.





## સજીવખેતી તાલીમ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા જીલ્લાના મોતીપુરા અને અરજણજીના મુવાડા ગામના ખેડૂતો માટે સજીવખેતી વિષય અંતર્ગત ગ્રામ્ય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં કૂલ ૨૨ ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ. જેમાં કેન્દ્રના નિષ્ણાંત વિનયભાઈ ગોર દ્વારા સજીવખેતીમાં વપરાતા વિવિધ જૈવિક ઘટકો જેવા કે વર્મીકમ્પોષ્ટ, કમ્પોષ્ટ, વેસ્ટ ડીકમ્પોઝર, જીવામૃત વગેરે બનાવવાની પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ.





## ખેડૂત ગોષ્ઠી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા કૂલ ૨ ખેડૂત ગોષ્ઠી જીલ્લાના જલુંદ અને અરજણજીના મુવાડા ગામોમાં યોજવામાં આવેલ. કેન્દ્રના નિષ્ણાંતો દ્વારા આ ગોષ્ઠીમાં ખેડૂતોને રવિ પાકોની ખેતી પદ્ધતિઓ, સજીવખેતી તેમજ વિવિધ પાકોમાં રોગ-જીવાત નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. કૂલ ૮૨ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ આ કાર્યક્રમોમાં ભાગ લીધેલ.





## મોબાઈલ ઓડીયો કોન્ફરન્સ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા લોકડાઉનના સમયગાળા દરમિયાન રિલાયન્સ ફાઉન્ડેશન સહયોગથી કૂલ ૪ મોબાઈલ ઓડિયો કોન્ફરન્સ યોજવામાં આવેલ જેમાં જીલ્લાના ગાંધીનગર, માણસા, કલોલ અને દેહગામ તાલુકાઓના કૂલ ૫૦૦ જેટલા ખેડૂત ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમોમાં ખેડૂતોને કેન્દ્રના નિષ્ણાંતો દ્વારા કૃષિ, પશુપાલન, બાગાયત તેમજ કોરોના જેવી મહામારીથી સુરક્ષિત રહેવા આવશ્યક પગલાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. ખેડૂતોને કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આરોગ્ય સેતુ અને કિસાન રથ એપ્લીકેશન અંગે સમજણ આપી ડાઉનલોડ કરવા ભલામણ કરવામાં આવેલ. આ કાર્યક્રમોમાં ખેડૂતોને મુંઝવતા પ્રશ્નોનું નિષ્ણાંતો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપી નિરાકરણ લાવવામાં આવેલ.






### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ખેડૂતોને મોબાઈલ ઓડિયો કોન્ફરન્સથી માર્ગદર્શન

(અલ્તાફ લુહાર - ઉદ્યોગ શક્તિ ન્યુઝ)

જિલ્લાના ખેડૂતોને લોકડાઉનની પરિસ્થિતિમાં કૃષિ, પશુપાલન, બાગાયત અને અન્ય કૃષિ સંબંધિત માહિતી ટેક્નોલૉજીના માધ્યમથી ઘરે બેઠા સહેલાઈથી મળી રહે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી ખેડૂતો માટે મોબાઈલ ઓડિયો કોન્ફરન્સ યોજવામાં આવેલ. છેલ્લા ચાર દિવસ દરમિયાન કૂલ ૪ મોબાઈલ કોન્ફરન્સ જિલ્લાના ચારેય તાલુકાઓ ગાંધીનગર, માણસા, કલોલ અને દેહગામના ખેડૂતો માટે યોજવામાં આવેલ જેમાં અંદાજે ૫૦૦ જેટલા ખેડૂતો ભાઈઓ અને બહેનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ મોબાઈલ કોન્ફરન્સમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા ડો.ગર્ગ અને વિષય નિષ્ણાંતો હર્ષદભાઈ પટેલ,વિનય ગોર,ડો પ્રભાત જાદવ અને ભરત હડિયા પણ જોડાયા હતા. વિષય નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને કોરોના મહામારીથી સુરક્ષિત રહેવા ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ આરોગ્ય સેતુ એપ્લિકેશનની અગત્યતા અંગે માર્ગદર્શન આપી ડાઉનલોડ કરવા જણાવેલ. આ ઉપરાંત ખેડૂતની કૃષિ ઉપજને માર્કેટયાર્ડ, કોલ્ડ સ્ટોરેજ કે ગોડાઉન સુધી પહોંચાડવા માટે ખેડૂતને પરિવહનની મુશ્કેલીઓ પડતી હોવાથી સરકાર દ્વારા કિસાન રથ એપ્લિકેશન બહાર પાડવામાં આવેલ છે જેમાં ખેડૂત રજીસ્ટ્રેશન કરાવી પરિવહનની સુવિધાનો લાભ લઈ શકે છે. લોકડાઉનની પરિસ્થિતિમાં ખેડૂતોને મુંજવતા પ્રશ્નો જેવા કે ઊભા પાકોમાં આવતા રોગ જીવાતો, પશુપાલન, દવા ખાતર બિયારણ, કૃષિ બજાર સંબધિત પ્રશ્નોનું નિષ્ણાંતો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપી નિરાકરણ લાવવામાં આવેલ. આ મોબાઈલ ઓડિયો કોન્ફરન્સનું સંચાલન રિલાયન્સ ફાઉન્ડેશનના અધિકારી ભાવેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ તેઓ દ્વારા ખેડૂતોને કૃષિ સંબંધિત સેવાઓની વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૪૧૯ ૮૮૦૦ પર સંપર્ક કરવા જણાવવામાં આવેલ.

# પોષણ અભિયાન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન પોષણ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ. જેમાં પોષણયુક્ત આહાર અને કિચન ગાર્ડન વિષય પર કૂલ ૪ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવેલ જેમાં કૂલ ૧૧૯ જેટલી ગ્રામ્ય મહિલાઓ અને આંગણવાડી બહેનોએ ભાગ લીધેલ હતો. કાર્યક્રમોમાં મુખ્ય અતિથી તરીકે ગાંધીનગર શહેરના મેયરશ્રી રીટાબેન પટેલ અને ઇફ્કોના સ્ટેટ માર્કેટીંગ હેડ ડો એન.એસ.પટેલ ખાસ ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં ભાગ લીધેલ બહેનોને શાકભાજી બિયારણોની કીટનું વિતરણ કરવામાં આવેલ. પોષણ અભિયાન અંતર્ગત જીલ્લાના જલુંદ, વાસણ અને ખરણા ગામોમાં પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં બહેનોએ જુદી જુદી પરંપરાગત પૌષ્ટિક વાનગીઓ બનાવી રજૂ કરેલ. આ પોષણ અભિયાન અંતર્ગત "પોષણયુક્ત આહાર અને તેનું મહત્વ" વિષય પર એક ઓનલાઈન વેબીનારનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં અધ્યક્ષ તરીકે માનદ વિસ્તરણ નિયામકશ્રી ડો રાજેન્દ્રભાઈ ખીમાણી દ્વારા પ્રાથમિક ઉદ્દબોધન કરવામાં આવેલ તેમજ નિષ્ણાંતો દ્વારા વિષયને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં કૂલ ૧૦૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધેલ.










૬ તા. ૨૦-૯-૨૦૨૦, રવિવાર

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા 'રાષ્ટ્રીય પોષણ મહિના' અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ**

ગાંધીનગર, તા. ૧૯ જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા ભારત સરકાર દ્વારા જાહેર કરેલ ત્રીજા "રાષ્ટ્રીય પોષણ મહિના" અંતર્ગત જીલ્લાના વાસણ, ખરણા અને જલુંદ ગામોમાં પૌષ્ટીક વાનગી સ્પર્ધા કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમનો ખાસ હેતુ લોકોમાં પોષણયુક્ત આહાર અંગે જાગૃતતા લાવવાનો હતો. આ સ્પર્ધામાં ગામની બહેનો અને આંગણવાડી કાર્યકર્તા બહેનો દ્વારા વિવિધ પૌષ્ટિક વાનગીઓ જેવી કે દહી-થેપલા, બાજરાના લોટની સુખડી, મગની દાળનો શીરો, દુધીનો હલવો, ખાંડવી, દાલબાટી, ખીચું, ફ્રુટ-વેજીટેબલ સલાડ,ફણગાવેલ મગ, મુઠીયા, હાંડવો જેવી અનેક પૌષ્ટિક વાનગીઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં કેન્દ્રના વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા પોષણયુક્ત આહાર અને તેનું મહત્વ તેમજ ન્યુટ્રીશનલ કિચન ગાર્ડન વિષય પર તેમજ ડો પ્રભાતસિંહ જાદવ દ્વારા કુપોષણમુક્ત ભારતમાં પોષણયુક્ત આહારના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમોમાં ગામની પ્રાથમિક શાળાના આચાર્ય અને અન્ય શિક્ષકમિત્રો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કાર્યક્રમને અંતે સ્પર્ધક મહિલાઓને પ્રોત્સાહનના ભાગરૂપે ઈફ્કો કંપનીના સહયોગથી શાકભાજી બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું


## ઓનલાઈન વેબીનાર


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને મહાદેવ દેસાઈ ગ્રામસેવા કેન્દ્ર રાંધેજાના સયુંકત ઉપક્રમે કૂલ ૨ ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવેલ. આ વેબીનાર "પોષણયુક્ત આહાર અને તેનું મહત્વ" તેમજ "કૃષિ અને ગાંધી વિચારો-સાંપ્રત સમયની પ્રસ્તુતા" વિષયો પર યોજવામાં આવેલ. આ વેબીનારમાં મુખ્ય અતિથી તરીકે માનદ વિસ્તરણ નિયામક ડો રાજેન્દ્રભાઈ ખીમાણી, ડો આર.એ.શેરસીયા, ડો આદીશ કુમાર, ડો કામીનીબેન વ્યાસ, ડો ધર્મેશ પટેલ અને બંને કેન્દ્રના સંયોજકો ડો વી.કે.ગર્ગ અને ડો રાજીવભાઈ પટેલ જોડાયેલ જેમાં અધ્યક્ષશ્રી અને વક્તાશ્રીઓ દ્વારા વિષયને અનુરૂપ શ્રોતાઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ વેબીનારોનું સમગ્ર સંચાલન વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમોમાં ટેકનીકલ મદદમાં ભાવિન પટેલનો સહયોગ રહેલ. કૂલ ૨૪૮ જેટલા સહભાગીઓએ આ ઓનલાઈન વેબીનારોમાં ભાગ લીધેલ.











ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા ગાંધી જયંતી નિમિતે

**"કૃષિ અને ગાંધીવિચારો-સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા" વિષય પર વેબિનાર યોજાયો**

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી અને ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ અંતર્ગત "કૃષિ અને ગાંધી વિચારો-સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા" વિષય પર એક વેબીનારનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમના અધ્યક્ષ ગૂજરાત વિદ્યાપીઠના માનદ વિસ્તરણ નિયામક ડો રાજેન્દ્ર ખીમાણી દ્વારા ગાંધીજીના કૃષિ સંબધિત કાર્યો અને વિચારોને રજૂ કરવામાં આવ્યા હતા.

આ વેબીનારમાં મુખ્ય વક્તા તરીકે નિવૃત બાગાયત નિયામક ડો આર.એ.શેરસીયાએ વિષયને અનુરૂપ શ્રોતાઓને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનાં આયોજનમાં બંને કેન્દ્રના નિયામક ડો રાજીવભાઈ પટેલ અને ડો વિષ્ણુકુમાર ગર્ગનો સહયોગ રહ્યો હતો. આ વેબિનારનું સંકલન વિષય નિષ્ણાંત ભરત હડિયા અને આભારવિધિ પ્રાધ્યાપક ડો હિતેશ જાગાની દ્વારા કરવામાં આવી હતી. આ વેબીનારમાં ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ શાખાના વિદ્યાર્થી ભાઈઓ બહેનો, સેવકગણ તેમજ કૃષિ અને સંલગ્ન વ્યવસાય સાથે સંકળાયેલ કૂલ ૧૫૦ જેટલા શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગાંધીજીના કૃષિ અને ખેડૂત સંબંધિત વિચારોને સમજવાનો પ્રયાસ કર્યો હતો.


**ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા 'કૃષિ અને ગાંધી વિચારો-સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા' વિષય પર વેબિનાર યોજાયો**

ગાંધીનગર,તા. ૩

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને મહાદેવ દેસાઈ ગ્રામ સેવા કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી અને ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ અંતર્ગત "કૃષિ અને ગાંધી વિચારો-સાંપ્રત સમયમાં પ્રસ્તુતતા" વિષય પર એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ ગૂજરાત વિદ્યાપીઠના માનદ વિસ્તરણ નિયામક ડો રાજેન્દ્ર ખીમાણી દ્વારા ગાંધીજીના કૃષિ સંબંધિત કાર્યો અને વિચારોને રજૂ કરવામાં આવ્યા હતા. આ વેબીનારમાં મુખ્ય વક્તાશ્રી તરીકે નિવૃત બાગાયત નિયામક ડો આર.એ.શેરસીયાએ વિષયને અનુરૂપ શ્રોતાઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ વેબીનારમાં ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ શાખાના વિદ્યાર્થી ભાઈઓ બહેનો, સેવકગણ તેમજ કૃષિ અને સંલગ્ન વ્યવસાય સાથે સંકળાયેલ કૂલ ૧૫૦ જેટલા શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગાંધીજીના કૃષિ અને ખેડૂત સંબંધિત વિચારોને સમજવાનો પ્રયાસ કર્યો હતો.

ગાંધીજયંતી નિમિત્તે ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ઓનલાઈન ઉજવણી કરવામાં આવી

મહાત્મા ગાંધીની ૧૫૧ મી જન્મજયંતી પૂર્વે આઈઆઈટી, ગાંધીનગર અને ફિલન્ડર્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત વેબિનારમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ આદિવાસી સાથે ગાંધીવાદના જોડાણની ચર્ચા કરવામાં હતી. આ વેબિનારમાં આદિવાસી સમુદાયો, રાજકારણ અને ઓળખને સમજવા માટે ગાંધી અને ગાંધીવાદના વારસોને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આઝાદી પછીની ગાંધીવાદી ચળવળનો ઈતિહાસ, આદિવાસી હક માટેના સમકાલીન સંઘર્ષો, આદિવાસીઓના સંબંધમાં ગાંધીજીનો વારસો, અને તેમના વિચારોને હાલના આદિવાસી પર કેવી અસર પડી છે તેની ચર્ચા કરવા માટે ઘણા ગાંધીવાદી નિષ્ણાંતો, વિદ્વાનો

## સ્વચ્છતા કાર્યક્રમો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા જુદા જુદા ગામોમાં અને કેન્દ્ર ખાતે  સ્વચ્છતા કાર્યક્રમોમાં સ્વચ્છતા જાગૃતતા, કાર્યાલય આસપાસની સફાઈ, નિબંધ સ્પર્ધા, સ્વચ્છતા શપથ જેવા કાર્યક્રમો યોજવામાં આવેલ જેમાં કેન્દ્રના સેવકો સહિત કૂલ ૨૧૦ સહભાગીઓએ ભાગ લીધેલ.




## બંધારણીય કાયદા જાગૃતતા કાર્યક્રમ

કેન્દ્ર દ્વારા જીલ્લાના ગોલથરા ગામ ખાતે ખેડૂતોને કૃષિ સંબધિત કાયદાઓ અને મૂળભૂત ફરજો અંગે જાગૃત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કૂલ ૩૬ ખેડૂત ભાઈઓ બહેનોએ ભાગ લીધેલ.

